



શહેરમાં જન્માષ્ટમીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મંદિરોમાં કૃષ્ણજન્મોત્સવની ઉજવણીના ભાગરૂપે મટકી ફોડ, રાસગરબા અને ભજનની સંગતે બારના ટકોરા સુધી રંગત જમાવી હતી. નંદ ઘેર આનંદભયો જય કનૈયા લાલ કી ના જયઘોષ વચ્ચે ગુલાલની છોળો ઉડાડી ભાવિકો કૃષ્ણભક્તિમાં ઘેલા થયા હતા.

# ગાંધીનગરમાં ધામધૂમથી જન્માષ્ટમીની ઉજવણી

ગાંધીનગર, તા. ૧

શહેરમાં જન્માષ્ટમીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મંદિરોમાં કૃષ્ણજન્મોત્સવની ઉજવણીના ભાગરૂપે મટકી ફોડ, રાસગરબા અને ભજનની સંગતે બારના ટકોરા સુધી રંગત જમાવી હતી. નંદ ઘેર આનંદભયો જય કનૈયા લાલ કી ના જયઘોષ વચ્ચે ગુલાલની છોળો ઉડાડી ભાવિકો કૃષ્ણભક્તિમાં ઘેલા થયા હતા.

જન્માષ્ટમીના પવિત્ર પર્વના નગરજનોને અનોખી ભક્તિભાવના સહ ઉત્સાહથી વધામણા કર્યા હતા. શહેરમાં સે. ૨૨ સ્થિત પંચદેવ મંદિર, જલારામ મંદિર જુલેલાલ મંદિર સહિતના મંદિરોમાં ભાવિકોની ભીડ જામી હતી. વિવિધ મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવને અનુલક્ષી મટકી ફોડનો કાર્યક્રમ રંગેચંગે ઉજવાયો હતો. આ દરમિયાન કેટલાક સ્થળોએ રાસ-ગરબાની રમઝટ પણ જામી હતી. ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ભાવિકો વચ્ચે કૃષ્ણના સ્વરૂપમાં સજ્જ ભૂલકાઓ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. શહેરના ધાર્મિક સ્થાનો ઉપરાંત સેક્ટરોમાંપણ સ્થાનિક રહીશો દ્વારા પારિવારીક માહોલમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સે. ૩-એ ન્યુમાં પણ કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી દરમિયાન ગરબા અને મટકી ફોડના કાર્યક્રમાં ભાવિકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. રાત્રીના ૧૨ના ટકોરે કૃષ્ણ જન્મોત્સવ થતાં જ જય કનૈયાલાલ કીના જયઘોષથી મંદિરો ગુંજી ઉઠ્યા હતા. ભાવિકોની ભીડ વચ્ચે રોશનીથી સુશોભિત મંદિરોમાં ભગવાનની પૂજા-આરતી બાદ પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. કૃષ્ણ જન્મોત્સવને લઈ શહેરમાં પણ મોડી રાત સુધી ધમધમાટ જોવા મળ્યો હતો. ભગવાનને પારણે જુલાવતા ભાવિકોએ ધન્યતા અનુભવી પ્રાર્થના કરી હતી.

# ચિલોડા ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં ભવ્યાતિભવ્ય જન્મોત્સવ ઉજવાયો



(તસવીર: નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલા મુખ્ય ચિલોડા-ડભોડા-જાખોરા-લવારપુર-ચંદ્રાલા-ગિયોડ ગામોમાં જશોદાના લાલાનો જન્મોત્સવ ધામધૂમથી હર્ષોલ્લાસભેર ઉજવણી થઈ હતી. જેમાં મુખ્યત્વે ચિલોડા ખાતે આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય શાખા દ્વારા જન્માષ્ટમી નિમિત્તે એક ચૈતન્ય પ્રભુની ઝાંખીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશોપાલવના તોરણો, સોના કેરુ પારણું, અબીલ ગુલાલની છોળો કૃષ્ણને જુલાવીને સૌ હરખઘેલા થઈ કૃષ્ણભક્તિના સથવારે, વિશ્વનો નાથ અવતાર લઈ આવ્યો, એમાં ઝુલે જગતનો નાથ.' જીવંત ઝાંખીમાં યશોદાજી કાનુડાને પારણે ઝુલાવતા, માખણચોર કનૈયો, રાધા કૃષ્ણ અને રાસ રમતી વ્રજનારીઓ, લક્ષ્મીનારાયણની અદ્ભુત વેશભૂષાની ચૈતન્ય ઝાંખીનું આકર્ષણ જમાવ્યું હતું. આ અનેરા ઉત્સવમાં ચિલોડા, ડભોડા, મગોડી, પ્રાંતિયા, શિહોલી મોટી, પાલજ, બાસન, આલનપુર, મહુન્દ્રા, ધણપ, દશેલા, જાખોરા, સાદરા વગેરે ગામોના ભાવિકભક્તોજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શનનો અનેરો લ્હાવો લીધો હતો.આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ચિલોડા કેન્દ્રના સંચાલિકા તારાદીદીએ દિપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે બાળુડાઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી સૌના દિલ જીતી લીધા હતા. ત્યાર બાદ બહેનોએ જન્મોત્સવ રૂપે ભજન-કિર્તનોની રમઝટ બોલાવી આનંદ વિભોર બન્યા હતા.

આ પ્રસંગે આજુબાજુના ગામના આગેવાનો તથા પત્રકાર નટુભાઈ પટેલ ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# એસ.ટી. ડેપોમાં મીની બસમાં અચાનક આગ ભભૂકતા દોડધામ

ગાંધીનગર, તા.૧૧

એસ.ટી. ડપોના સંકુલમાં આજે બપોરે અચાનક મીની બસમાં આગ ભભૂકી હતી. ફાયરબ્રિગેડે સમયસર ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી. જેના પગેલ આગના લીધે વધુ નુકશાન થવાનો ખતરો ટળ્યો હતો.

બનાવની પ્રાપ્ય મહિતી અનુસાર ગાંધીનગર એસ.ટી. ડેપોમાં આજે બપોરે મીની બસ નં. જીજે-૧૧ એકસ-૬૧૧ બહારથી ટ્રીપ મારીને આવી હતી. ત્યારબાદ બસ ડ્રાઈવરે બસમાં ડીઝલ પુરાવી બસને ડેપો સંકુલમાં પાર્ક કરી હતી. આ વેળાએ પાર્ક થયેલી મીની બસમાં અચાનક આગ ભભૂકી હતી. બસમાં આગ લાગી હોવાનું ધ્યાને આવતા ડેપો સંકુલના કર્મચારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. ઘટનાસ્થળે લોકોનું ટોળું એકત્રિત થઈ ગયું હતું.

આ દરિયાન ડેપોના કર્મચારીઓએ આગને ઓલવવા પ્રયાસ કર્યો હતો પરંતુ આગ વિકરાળ બનતા આખરે ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયરબ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગને શાંત પાડી હતી. પરંતુ વિકરાળ આગમાં મીની બસ બળીને રાખ થઈ ગઈ હતી. ડેપો સંકુલમાં ભડકે બળતી આગના દશ્યથી ભયનો માહોલ સર્જાયો હતો. જો કે સદનસીબે આગને સમયસર કાબૂમાં લેવાતા આગ અન્ય ઠેકાણે ફેલાતા અટકી હતી.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ આગનું ચોકકસ કારણ જાણવા મળ્યું નથી. શોર્ટ સર્કીટના લીધે આગ લાગી હોવાનું મનાય છે.

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસની સ્વ. સુરેશ દલાલને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને વિધાનસભા વિરોધ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે સ્વ. સુરેશ દલાલને શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું કે ગુજરાતી કવિતાને સમૃદ્ધ કરવામાં તેમણે મહત્વનો ફાળો આપ્યો છે. ગુજરાતી ભાષાના સમર્થ ઉપાસક તેમજ કવિશ્રી સુરેશભાઈના અચાનક નિધનથી ગુજરાતી સાહિત્યને કદી ન પુરી શકાય તેવી ભારે ખોડ પડી છે.

## જન્માષ્ટમીના તહેવારમાં રેશન કાર્ડ ધારકોને અનાજ ન મળ્યું : ગરીબોને ભૂખે મારતી ભાજપ

ગાંધીનગર, તા. ૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા જયંતિલાલ પરમારે ભાજપ સરકારની બેદરકારી પર આક્ષેપ કરતા જણાવ્યું છે કે ગુજરાતની ભાજપ સરકારે જન્માષ્ટમીના તહેવારોમાં ગરીબોને ભૂખે મારવાનું કામ કર્યું છે.

જન્માષ્ટમીના તહેવાર હોવાથી રેશન કાર્ડ ધરાવનાર ગરીબોને અનાજ તહેવારો પહેલા મળી જવું જોઈએ પણ આજ દિન સુધી ગરીબોને આ અનાજ સસ્તા અનાજની દુકાનોમાંથી મળ્યું નથી. કારણ કે સરકારે આ દુકાનોનો આજદિન સુધી આ જથ્થો આપ્યો નથી. આ વખતો તહેવારોમાં ખાંડ અને તેલનું પણ વિતરણ કરવામાં આવ્યું નથી. રમઝાનના પવિત્ર માસમાં પણ ગરીબ અને બી.પી.એલ. મુસ્લિમ પરિવારો અનાજ, ખાંડ અને તેલથી વંચિત રહી ગયા છે.

# અમે તો ગાંધીનગરનું ઋણ ચૂકવી રહ્યા છીએ

## વાત નગરની નોખી-અનોખી સેવા સંસ્થા જ્યોતિ મહિલા મંડળની

**સંબંધ સજાવે જિંદગી**

**હરતાં-ફરતાં સાવ અચાનક**

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

'મુસીબતમાં મળેલા માણસોના સંબંધ લાંબા ટકતા નથી' એવી એક અંગ્રેજ માન્યતા છે. અલબત્ત, આ માન્યતા હિન્દુસ્તાનમાં સિદ્ધ નથી થતી. એની સાબિતી માટે દૂર જવાની જરૂર નથી, એવો એક કિસ્સો ગાંધીનગરમાં જ જોવા મળે છે. ગાંધીનગરમાં કાર્યરત જ્યોતિ મહિલા મંડળના કિસ્સામાં આવું જ બન્યું છે.

૧૯૭૦માં સુરતમાં પુર આવ્યું હતું. રાજ્યભરમાંથી સૌએ આ સમયે મદદ માટે હાથ લંબાવ્યો હતો. એમ ગાંધીનગરનાં રહેવાસી લતાબેન ચૉક્સી, પુષ્પાબેન મહેતા અને કમળાબેન ગાંધીએ નગરનાં ૫૦ જેટલાં બહેનોને એકત્ર કરીને ખાદ્યસામગ્રી, અનાજ, કપડાં વગેરે એક ટ્રક જેટલો સામાન સુરત મોકલ્યો હતો.

૧૯૭૦માં જ બોરીજ ગામમાં પણ પુરનાં પાણી ફરી વળ્યાં હતાં. અસરગ્રસ્ત લોકોને હાલ સૅક્ટર-૨૧માં શાક માર્કેટ કાર્યરત છે તે સ્થળે રાખવામાં આવ્યા હતા. તે સમયે પણ મહિલાઓની આ જ ટીમ દ્વારા રસોઈની સેવા આપવામાં આવી અને કપડાં પણ એકત્ર કરી આપવામાં આવ્યા. સ્થાનિક શાકભાજીના વેપારીઓએ શાકભાજી, સ્ટવ વગેરે સહાય આપી ને આમ બોરીજના અસરગ્રસ્તો તરી ગયા.

આ બે ઘટનાઓએ આ મહિલાઓના મનમાં એવી ઘેરી અસર છોડી કે પછી એમણે આવાં કાર્યો આજીવન ચાલુ રાખવાનું પ્રણ લીધું અને એમાંથી સર્જાયું જ્યોતિ મહિલા મંડળ. હેતુ : સમાજના દરેક વર્ગને મદદરૂપ થવું. મંડળનું આ નામ સુમનબેન શાહ દ્વારા સૂચવવામાં આવ્યું હતું, જે બહેનોને પસંદ પડ્યું ને સંસ્થાની શરૂઆત થઈ.

સૅક્ટર-૧૭ ખાતે છેલ્લાં ૧૭ વર્ષથી આ સંસ્થાનું કાર્યાલય ચાલે છે. અગાઉ પાંચ વર્ષ તે સૅક્ટર-૨૨ ખાતે હતું. ૩ બહેનોએ ૫૦ બહેનોની સહાયથી શરૂ કરેલી આ સંસ્થામાં આજે ૬૦૦ બહેનોનું સંખ્યાબળ છે. સૅક્ટરવાઈઝ અને ઈન્ફોસિટી

છેલ્લાં ૩૨ વર્ષોમાં સંસ્થાએ સેવાકાર્યો ઉપરાંત એવી તો અનોખી પ્રવૃત્તિઓ હાથ ધરી છે કે એને આ પ્રવૃત્તિઓ માટે ઍવોર્ડ્સ પણ મળ્યા છે. જેમકે લેપ્રોસ્કોપી અંગેના કૅમ્પના આયોજન માટે અને બહેનો દ્વારા સૌથી વધુ વૃક્ષો ઉછેરવા માટેનો ઍવોર્ડ. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં મહિલા અદાલતનું સૌપ્રથમ આયોજન કરવાનું શ્રેય પણ જ્યોતિ મહિલા મંડળના ભાગે છે. એ જ રીતે ૧૯૮૮માં સૅક્ટર-૨૧ ખાતે ૧ મહિના સુધી 'ઍક્ષ્પો'નું ભવ્ય આયોજન પણ આ જ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ઘરવપરાશની તમામ ચીજવસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, સંસ્થાની સેવાકીય અને મહિલાઓના વિકાસ માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓની યાદી એટલી મોટી છે કે એ બધાનો ઉલ્લેખ કરવા જઈએ તો આ પાનુંય ઓછુંપડે. મુખ્ય પ્રવૃત્તિઓ પર નજર નાખીએ તો એમાં રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, રેલ અને દુષ્કાળમાં મદદ, કુટુંબ કલ્યાણ શિબિરો, બહેનોને ફર્સ્ટ એઈડની તાલીમ, સહકારી પ્રવૃત્તિની તાલીમ, વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત બહેનોનુંસન્માન, ગરબા સ્પર્ધા, નશાબંધીનો પ્રચાર, ઘોડીયાઘર, સિવણ વર્ગ, સીરામિક વર્ગ, રસોઈ વર્ગ, બહેનોના સર્વાંગી વિકાસ માટે વિવિધ સ્પર્ધાઓ, ઝૂંપડપટ્ટીની બાલિકાઓની શારીરિક તપાસ, ગરીબ બાળકોને યુનિફોર્મ, નોટબૂક્સની સહાય, મહિલા વર્ષની ઉજવણી, બહેનોનો બ્લડ કેમ્પ, વૃક્ષારોપણ, મસાલા ઉદ્યોગ, ડભોડા ભિક્ષુક ગૃહમાં દર રવિવારે નાસ્તો, ટિફીન યોજના અને નાસ્તા ઉદ્યોગ, મહિલા લોક અદાલત તથા કાનૂની શિક્ષણ શિબિરોનો સમાવેશ થાય છે.

જ્યોતિ મહિલા મંડળ પોતાની સફળતામાં ગાંધીનગરના ઉદાર નાગરિકોનો પણ બરાબર હાથ છે એવું કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારે છે. ગાંધીનગરના લોકો ખૂબ ઉદાર છે અને સેવાકાર્યો માટે હંમેશા તત્પર રહે છે એવું સંસ્થાએ અનેક પ્રસંગોએ અનુભવ્યું છે ને સંસ્થાને કદી આર્થિક તકલીફનો સામનો નથી કરવો પડ્યો એ પણ ગાંધીનગરના પ્રતાપે જ શક્ય બન્યું છે. ગાંધીનગર શહેરે અમને પોતીકાં કર્યા છે અને અમે સૌ તેનું ઋણ ચૂકવી રહ્યા છીએ એવો સંસ્થાનો મત છે.

સમાજને મદદરૂપ થવા માગતી બહેનોને સંસ્થા હંમેશા આવકારતી રહી છે અને આવકારે છે. અલબત્ત, યુવાન બહેનો સંસ્થામાં સક્રિય થાય તો હજુ સારું કામ થઈ શકે એવું સંસ્થા સ્વીકારે છે ને યુવાન બહેનોને સંસ્થામાં પધારવા ઈજન પણ આપે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪

સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૭૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

જીસ્મ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

જીસ્મ-૨ : ૧૦.૦૦

ગેંગ ઓફ વાસેપુર -૨ : ૧.૦૦, ૪.૦૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

કોકટેલ : ૧૨.૦૦

બોલ બચ્ચન : ૨.૪૫

ટોટલ રીકલ (હિન્દી) : ૫.૩૦

કયા સુપર કુલ હૈ હમ : ૭.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ : ગેંગ ઓફ વાસેપુર- ૨ : ૧૧.૦૦

કયા સુપર કુલ હૈ હમ : ૨.૦૦, ૪.૩૦

કૉકટેલ : ૭.૧૫

બોલ બચ્ચન : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૪૫, ૧૦.૧૫

કેવી રીતે જઈશ(ગુજરાતી): ૧.૪૫, ૭.૩૦

ગેંગ ઓફ વાસેપુર -૨ : ૪.૩૦

: સ્ક્રીન-૨ : જીસ્મ-૨ : ૧૦.૦૦, ૪.૦૦, ૯.૪૫

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧.૦૦

કયા સુપર કુલ હૈ હમ : ૭.૦૦

: સ્ક્રીન-૩ :

ગેંગ ઓફ વાસેપુર -૨ : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

ગેંગ ઓફ વાસેપુર -૨ : ૧૦.૪૫, ૨.૦૦, ૫.૧૫, ૮.૩૦

### સૂર્યા, વાવોલ

દેવા એક રક્ષક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

કુળદેવી મારી ચામુંડા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે, નાટક 'ડીયર ફાધર'

### આંબેડકર હોલ

- કલરવ સંસ્થાન ગાંધીનગર દ્વારા સવારે ૯ કલાકે, સન્માન સમારંભ કાર્યક્રમ.
- શ્રી અરવિંદ કેન્દ્ર ગાંધીનગર દ્વારા બપોરે ૩.૦૦ કલાકે, સાંસ્કૃતિક કાર્યક્રમ.

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા જયેશભાઈ દવે, ૭૨૪/૩, 'ચ' ટાઈપ, સેકટર-૮,ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા ભાસ્કરભાઈ વ્યાસ, બ્લોક નં. ૩૮૫૮, 'છ' ટાઈપ,ખાતે શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી દ્વારશ જ્યોતિલીંગની કથા.

## આપની આજ

**મેષ** : જમીન- મકાન ખરીદ- વેચાર થઈ શકે છે. અધ્યયનમાં મન લાગશે. મિત્રો-સ્નેહીજનો પ્રત્યે સહયોગની ભાવનામાં વધારો થશે.

**વૃષભ** : આપની જનકલ્યાણની ભાવનાને કારણે માનૂ સન્માન અને પ્રતિષ્ઠામાં વધારો થશે. અધિકારી વર્ગ અને પ્રચાર કાર્યોથી લાભ થવાની સંભાવનાઓ છે.

**મિથુન** : નવા સંબંધો બની શકશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હીતાવહ છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવનાઓ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : વ્યવસાયલક્ષી યાત્રા- પ્રવાસ થવાની સંભાવનાઓ છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. મિત્રો અને સગા-સંબંધીઓથી મુલાકત થઈ શક છે.

**સિંહ** : રાજકીય- સામાજિકક્ષેત્રોથી લાભ મળવાની શકયતાઓ છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સામાજિકક્ષેત્રોનીમ ધાર્મિક કાર્યો વગેરે કાર્યો બનવાના યોગ બની રહ્યા છે.

**કન્યા** : ભવન નિર્માણ સંબંધી કાર્યો થઈ શકશે. ખર્ચ, પ્રવાસ વગેરે થવાની સંભાવનાઓ છે. સામાજિક ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નવા સંબંધી બની શકે છે.

**તુલા** : રાજકીય અને સામાજિક પ્રશંસાથી હર્ષ થશે. રચનાત્મક કાર્યોમાં વ્યસ્તતામાં વધશે. આપની દયાળુતા, ઉદારતા આપને વિશિષ્ટ સુખ પ્રાપ્ત કરાવશે.

**વૃશ્ચિક** : સંતાનથી શુભ અને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત મળશે. આર્થિક યોગ સારો બની રહેશે. પોતાના સ્વ- પ્રયાસોથી અને બળ પર ઉન્નતિ-પથ મોકળો કરશો.

**ધન** : સાહિત્યિક પ્રવૃત્તિઓ પર સમય પસાર વધુ થશે. આર્થિક ક્ષેત્રોમાં સંયમ રાખવું. કુટુંબનું સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે.

**મકર** : સ્વભાવની સાદગીનો લાભ આપના સુખમાં વૃદ્ધિકારક બની રહેશે. આપના પ્રયાસોથી વ્યાપાર- વ્યવસાયને ટોચ પર પહોંચાવી શકશો.

**કુંભ** : વિઘ્નો, મુશ્કેલીઓનો સામનો કરી લક્ષ્યને પ્રાપ્ત કરવામાં તમે સફળતા પ્રાપ્ત કરી શકશો. ધાર્મિક વૃત્તિમાં વધારો થશે. આર્થિક યોગ સારા બની રહ્યા છે.

**મીન** : તમારી વિવેકની વિપરીત કાર્ય થવાથી હાનિ થવાની સંભાવનાઓ છે. અટવાયેલા નાણાં માટે પ્રયત્ન કરવાથી લાભ થવાની સંભાવના છે.

## ચિરવિદાય

- સ્વ. નેનાજી સેધાજી ઠાકોર (ઉ.વ.૬૪) સે.-૧૫, ફતેહપુરા, ગાંધીનગર.
- સ્વ. પ્રવિણસિંહ અમરસિંહ રાઠોડ (ઉ.વ.૯) મુ.પો. ધરમપુર ભુંડિયા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. મંજુલાબેન પ્રવિણભાઈ પરમાર (ઉ.વ.૩૦) બ્લોક નં. ૧/૩, 'ચ' ટાઈપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- સ્વ. રમેશચંદ્ર મુકરજી (ઉ.વ.૯૧) બ્લોક નં. ૬૨૦/૨, શાંતિવન સોસાયટી, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. કલાજી વરસંઘજી ઠાકોર (ઉ.વ.૪૨) મુ.પો. મહુન્દ્ર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. ગોરધનભી માધવલાલ પટેલ (ઉ.વ.૭૦) બ્લોક નં. ૭૩૪/૧, સેકટર-૭બી, ગાંધીનગર.